મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભુજ અને નોર્થ અમેરિકાથી પ્રકાશિત

# દિવ્ય ભાસ્કર

■ મહાનગર ■ વર્ષ ૫ ■ અંક ૧૨૨ ■ માગશર સુદ ૮ વિક્રમ સંવત ૨૦૬૫ ■ મુંબઈ ■ શનિવાર, ૬ ડિસેમ્બર ૨૦૦૮ ■ કિંમત ૩.૦૦ રૂપિયા ■ પાનાં ૧૪



## લીલાવતીમાં નિઃ સંતાનો માટે આશીર્વાદરૂપ સુવિધા

### ભારતમાં પ્રથમવાર મુંબઈની હોસ્પિટલમાં ગોઠવાયેલું મશીન

**ભાસ્કર ન્યૂઝ** । મુંબઈ

નિઃસંતાન દંપતીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય એવી ઈન્ટ્રાસાયટોપ્લાસ્મિક સ્પર્મ ઈન્જેકશન માટેની ટેકૂનિક ઈન્ટ્રાસાયરોપ્લાસ્મિક મોરફોલોજી સિલેકટેડ સ્પર્મ ઈન્જેકશન લીલાવતી હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ કરાઈ છે.

લીલાવતી હોસ્પિટલ ખાતે તાજેતરમાં નવું માયક્રોસ્કોપ મશીન બેસાડવામાં આવ્યું છે, જે ખરાબ શુક્રાણુઓની જગ્યાએ સારા શુક્રાણુઓની પસંદગી કરવામાં મદદરૂપ થશે. આ માયક્રોસ્કોપ મશીનથી શુક્રાણુઓને ૭૨૦૦ ગણા મોટા કરીને તેમનું નિરીક્ષણ કરી શકાશે . આ નવી ટેકૂનિકનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓને ઈન્ફર્ટિલિટી નિષ્ણાતો ડો. હૃષીકેશ પાઈ અને ડો. નંદિતા પાલશેતકર લીલાવતી હોસ્પિટલ ખાતે તેમની સેવાઓ પૂરી પાડશે. આ નવી ટેકનિકનું નામ ઈન્ટ્રાસાયટોપ્લાસ્મિક મોરફોલોજીકલી સિલેક ટેડ સ્પર્મ ઈન્જેકશન છે જે અગાઉની ટેકૂનિક ઈન્ટ્રાસાયટોપ્લાસ્મિક સ્પર્મ ઈન્જેકશન કરતાં આઈવીએફ માટેનો વધુ સફળતા દર ધરાવે છે.

કુદરતી રીતે ગર્ભધારણ નહીં કરી શકતા દંપતીઓ આઈવીએફનો આશરો લે છે અને સારા શુક્રાણુની પસંદગી એ આઈવીએફનો મહત્ત્વનો હિસ્સો છે.